IGP કમાન્ડો ફોર્સના પદને નાબુદ કરી, તેમના તાબા હેઠળ આવતા ચેતક કમાન્ડોને IGP એ.ટી.એસ.ના નિયંત્રણ હેઠળ તથા મરીન ટાસ્ક ફોર્સ (MTF)ને IGP કોસ્ટલ સિકયુરીટીના નિયંત્રણ હેઠળ મુકવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ

સચિવાલય, ગાંધીનગર

તારીખ ૦૯/૧૦/૨૦૨૫

વંચાણે લીધા :-

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૩/૧૧/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ

(૨) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૨૮/૦૭/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ.

(૩) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના તા.૦૪/૦૭/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ.

(૪) ભારત સરકાર, ગૃહ મંત્રાલયના તા.૧૭/૦૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : 17015/37/2024-CT-II.

(૫) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના તારીખ ૦૭/૦૮/૨૦૨૫ના પત્ર ક્રમાંક : ઇ/૧૫૩૬/ATS/નવીન માળખુ/૧૭૭૫/૨૦૨૫.

ઠરાવ :-

વંચાણે લીધા ક્રમાંક : (૧) તથા (૨)માં દર્શાવેલ ગૃહ વિભાગના તારીખ ૦૩/૧૧/૨૦૦૯ તથા તારીખ ૨૮/૦૭/૨૦૧૦ના ઠરાવો અન્વયે રાજ્યના સાગરતટની સુરક્ષા માટે મરીન રાજ્ય અનામત પોલીસ દળ ઊભું કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક : (૩)માં દર્શાવેલ ગૃહ વિભાગના તારીખ ૦૪/૦૭/૨૦૧૯ના ઠરાવથી ADGP (ATS) નું નામાભિધાન બદલી ADGP/DGP (ATS & Coastal Security) રાખવામાં આવેલ છે. તેમના સીધા નિયંત્રણ હેઠળ IGP (ATS), IGP (Commando Force) તથા IGP (Coastal Security) ને મુકવામાં આવેલ છે. તથા મરીન ટાસ્ક ફોર્સ તથા ચેતક કમાન્ડો ફોર્સને IGP (Commando Force)ના નિયંત્રણ હેઠળ મુકવામાં આવેલ.

વંચાણે લીધા ક્રમાંક : (૪)માં દર્શાવેલ ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૧૭/૦૧/૨૦૨૫ના પત્રથી રાજ્યો/કેન્દ્રશાસિક પ્રદેશો માટે Model ATS Structure in States/UTs and SOP for Intelligence Processing and inter-Agency Operational Co-ordination માટે એ.ટી.એસ.નુ માળખુ તૈયાર કરવા જણાવેલ છે. જે મોડેલમાં એ.ટી.એસ.(Anti-Terrorism Squad)ના વડા તરીકે આઇ.જી.પી. રેન્ક અથવા તેથી ઉપરના દરજ્જાના અધિકારીના નિયંત્રણ હેઠળ ઓપરેશનલ ટીમ તેમજ સ્પેશયલ ફોર્સ (ગુજરાતના સંદર્ભમાં ચેતક કમાન્ડો ફોર્સ)ની રચના કરવા જણાવેલ છે.

ભારત સરકારના વંચાણે લીધા ક્રમાંક : (૪)ના પત્રથી રાજ્યની સ્પેશયલ ફોર્સ (ગુજરાતના કિસ્સામાં ચેતક કમાન્ડો ફોર્સ)ને એ.ટી.એસ.ના સીધા તાબા હેઠળ મુકવાનો સુઝાવ આપેલ છે. હાલની પરિસ્થિતિમાં SP ચેતક કમાન્ડો, IGP (કમાન્ડો ફોર્સ)ના સીધા તાબા હેઠળ આવે છે. જેમાં ફેરફાર કરી SP ચેતક કમાન્ડોને IGP (ATS)ના સીધા તાબા હેઠળ મુકવા તથા મરીન ટાસ્ક ફોર્સ (MTF)ને IGP કોસ્ટલ સિક્યુરીટીના નિયંત્રણ હેઠળ મુકવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૫) સામે દર્શાવેલ તારીખ ૦૭/૦૮/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ.

ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા સુચિત મોડલ એ.ટી.એસ. સ્ટ્રકચર તથા ઇન્ટીગ્રેટેડ કોસ્ટલ સિક્યુરીટી કમાન્ડ સ્ટ્રકચરને ધ્યાને રાખી, ADGP એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના માળખામાં ફેરફાર કરી, IGP કમાન્ડો ફોર્સના પદને નાબુદ કરી, તેમના તાબા હેઠળ આવતા ચેતક કમાન્ડોને IGP એ.ટી.એસ.ના નિયંત્રણ હેઠળ તથા મરીન ટાસ્ક ફોર્સ (MTF)ને IGP કોસ્ટલ સિક્યુરીટીના નિયંત્રણ હેઠળ મુકવા અંગે હાલના એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના માળખામાં ઉપર્યુકત વિગતે ફેરફાર કરી નવું સુચિત માળખુ નીચે મુજબ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.




આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૧૫/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનિતા ઝુલા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે.), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.